# સુરત મહાનગરપાલિકા

વંચાણે લીધું :

(૧) સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૦૧) આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ) ની કુલ–૬૬ જગ્યાઓ પૈકી અ.જા.–૦૬, અ.જા.(મહિલા)–૦૩, અ.જ.જા.–૦૫, અ.જ.જા.(મહિલા)–૦૨, સા.શૈ.પ.વ.–૧૦, સા.શૈ.પ.વ.(મહિલા)–૦૪, બિનઅનામત–૧૯, બિનઅનામત (મહિલા)–૦૯, આ.ન.વ.–૦૪, આ.ન.વ. (મહિલા)–૦૨ તથા શા.ખો.ખા.–૦૨ ની જગ્યાઓ પુરવા અનુક્રમે (૧) નં.પીઆરઓ/૨૧૧/૨૦૧૮–૧૯,તા.૧૬/૦૭/૨૦૧૮ તથા (૨) પૂરક જાહેરાત નં.પીઆરઓ/૫૦/ ૨૦૧૯–૨૦, તા.૦૧/૦૬/૨૦૧૯ થી જાહેરાત આપી નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસે મંગાવવામાં આવેલ અરજીઓનાં કાગળો ઉપર થયેલ મા.મ્યુનિ.કમિશનરશ્રીની તા.૦૬/૦૯/૨૦૧૯, ૦૭/૦૯/૨૦૧૯, ૨૪/૦૯/૨૦૧૯, ૨૫/૦૯/૨૦૧૯, ૨૬/૦૯/૨૦૧૯, ૨૭/૦૯/૨૦૧૯, તા.૨૯/૧૧/૨૦૧૯, તા.૧૩/૦૧/૨૦૨૦ તથા તા.૦૯/૦૩/૨૦૨૦ની મંજુરીઓ તેમજ તા.૧૪/૦૩/૨૦૧૭ ની સમગ્ર પસંદગી સમિતિના નિયમો.

CENTRAL EST. RECRUITMENT DEPT. • S.M.C. •

(૨) સેકશન ઓફીસરશ્રી(મધ્યસ્થ મહેકમ)નો પત્ર નં.જીએડી/ઈએસટી/૭૬૪૯, તા.૦૫/૦૨/૨૦૨૦.

(૩) સ્ટાફ સિલેકશન સમિતિની તા.૦૯/૦૩/૨૦૨૦ની મીનીટસ.

(૪) સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકારશ્રીનો તા.૦૨/૦૯/૨૦૨૦ ના રોજનો ઠરાવ ક્રમાંક :સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨.

૨. સુરત મહાનગરપાલિકાની (કોડ–૨૦૧) આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ) ૬૬ જગ્યાઓ પૈકી ૦૬ જગ્યા અ.જા.,૦૩ જગ્યા અ.જા.(મહિલા) ૦૫–અ.જ.જા., ૦૨ જગ્યા અ.જ.જા.(મહિલા), ૧૦ જગ્યા સા.શૈ.પ.વ.,૦૪ જગ્યા સા.શૈ.પ.વ.(મહિલા), ૧૯ જગ્યા બિનઅનામત, ૦૯ જગ્યા બિનઅનામત(મહિલા), ૦૪ જગ્યા આ.ન.વ., ૦૨ જગ્યા આ.ન.વ.(મહિલા), ૦૨ જગ્યા શા.ખો.ખા.ના ઉમેદવારો થી પુરવા અનુક્રમે (૧) પી.આર.ઓ.નં.૨૧૧/૨૦૧૮–૧૯,તા.૧૬/૦૭/૨૦૧૮ તથા (૨) પૂરક પી.આર.ઓ.નં.૫૦/ ૨૦૧૯–૨૦, તા.૦૧/૦૬/૨૦૧૯ થી આપવામાં આવેલ બંને જાહેરાત મળી આવેલ **કુલ–૧૪૬૬૯** ઉમેદવારી અરજીઓ પૈકી **કુલ–૧૧૧૦૨** ઉમેદવારી અરજીઓ નિયમોનુસાર માન્ય કરવામાં આવેલ.

આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ) જગ્યા માટે માન્ય થયેલ અરજીના ઉમેદવારોની લેખિત પરીક્ષા **તા.૨૯/૦૯/૨૦૧૯** ના રોજ ભગવાન મહાવીર એજ્યુકેશન કેમ્પસની વિવિધ કોલેજો તથા સર.કે.પી.કોલેજ ઓફ કોમર્સ, શ્રી રામક્રિષ્ના ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ અને એમ.ટી.બી.આર્ટસ કોલેજ ખાતેના કુલ–૧૬૯ સેન્ટરો ખાતે રાખવામાં આવેલ હતી, જેમાં **કુલ–૮૪૨૭** ઉમેદવારો હાજર રહયા હતા અને **કુલ–૨૬૭૫** ઉમેદવારો ગેરહાજર રહયા હતા.

૩. આસીસ્ટન્ટ ઈજનેર (સીવીલ) ની જગ્યાના ઉમેદવારોની પસંદગી સંદર્ભે નીચે મુજબનાં નિર્ણયો સ્ટાફ સીલેકશન સમિતિ ધ્વારા સર્વાનુમતે લેવામાં આવેલ છે.

(૧) સમગ્ર પસંદગી સમિતિના તા.૧૪/૦૩/૨૦૧૭ ના નિયમો અન્વયે લેખીત પરીક્ષામાં જનરલ કેટેગરીના ઉમેદવારોએ ૫૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય, તેમજ મહિલા ઉમેદવારો, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સા.શૈ.પ.વર્ગ, આ.ન.વ., સુરત મહાનગરપાલિકાના નિયમિત કર્મચારી અને સુરત મહાનગરપાલિકાના નિયમિત કર્મચારીઓના આશ્રિતોએ ૪૫%, તેમજ શા.ખો.ખા. ના ઉમેદવારોએ–૪૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ **કુલ–૪૭૪૦** ઉમેદવારોને લેખિત પરીક્ષામાં સફળ જાહેર કરવામાં આવે છે.